**CC NO.912/2019 WITH CC. NO.31/2021**
**Exhibit No-125**

## (નમુનો :– અ)

| જામજોધપુરના મહે. જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મુ.જામજોધપુર, જી.જામનગર | | |
|---|---|---|
| **ચુકાદાની તારીખ** | : | ૧૧/૦૫/૨૦૨૬ |
| **ફોજદારી કેસ નંબર** | : | ૯૧૨/૨૦૧૯ તથા ૩૧/૨૦૨૧ |
| **પોલીસ સ્ટેશન/**<br>**એફ.આઈ.આર. નંબર** | :<br>: | જામજોધપુર પો.સ્ટે.<br>ગુ.ર.નં. : સેકન્ડ– ૪૮/૨૦૧૯ |
| **ગુનો** | : | ઈ.પી.કો.કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૫૦૭, ૧૧૪ તેમજ જી.પી.એક્ટ કલમ–૧૩૫(૧) મુજબ. |

| | | | |
|---|---|---|---|
| **ફરીયાદી** | : | સરકાર શ્રી,<br>(મુળ ફરીયાદી : રાજુભાઈ ભિખાભાઈ પાતા) | |
| **વિધ્વાન એ.પી.પી.શ્રી** | : | એસ.યુ.બાબી | |
| **આરોપી** | : | (૧) | **રામદેભાઈ અરજણભાઈ ભારવાડીયા**<br>ઉ.વ.૩૯, ધંધો–ખેતી,<br>રહે. અમરાપર ગામ, તા.જામજોધપુર,<br>જી.જામનગર |
| | | (૨) | **જયેશભાઈ ગોવિંદભાઈ સોલંકી**<br>ઉ.વ.૩૪, ધંધો–ખેતી,<br>રહે. ચૌટા ગામ, ગૌશાળાની બાજુમાં, તા. કુતીયાણા, જી.પોરબંદર |
| | | (૩) | **અરજણભાઈ દુદાભાઈ ભારવાડીયા**<br>ઉ.વ.૬૮, ધંધો–નિવૃત,<br>રહે. અમરાપર ગામ, તા.જામજોધપુર,<br>જી.જામનગર<br>**(ચાલુ કામે મરણ જતા આંક–૧ લગત હુકમ કરી** |

| | | | |
|---|---|---|---|
| | | | **એબેટ કરેલ છે. )** |
| | | (૪) | **કરશનભાઇ અરજણભાઇ ભારવાડીયા**<br>રહે. અમરાપર ગામ, તા.જામજોધપુર,<br>જી.જામનગર |
| **આરોપીના વિ.વકીલ શ્રી** | : | | એસ.આઇ.બ્લોચ |

**(નમુનો :– બ)**

| | | |
|---|---|---|
| **ગુનાની તારીખ** | : | ૦૯/૦૬/૨૦૧૯ |
| **ફરીયાદની તારીખ** | : | ૧૦/૦૬/૨૦૧૯ |
| **ચાર્જશીટની તારીખ** | : | ૨૭/૧૧/૨૦૧૯ |
| **તહોમતનામુ /પ્લીની તારીખ** | : | ૧૫/૦૩/૨૦૨૧ |
| **પુરાવો શરુ થયાની તારીખ** | : | ૨૪/૦૫/૨૦૨૪ |
| **ચુકાદા માટે રાખવાની તારીખ** | : | ૩૦/૦૪/૨૦૨૬ |
| **ચુકાદાની તારીખ** | : | ૧૧/૦૫/૨૦૨૬ |
| **સજા કરી હોય તો સજા તારીખ** | : | ––– |

**: આરોપીની વિગત :**

| **નં.** | **આરોપીનુ નામ** | **અટક કર્યા તારીખ** | **જામીન પર છોડયા તારીખ** | **ગુનો** | **તકસીર વાન/ નિર્દોષ** | **સજા** | **Crpc: 428 માટે કસ્ટડી માં રહેલ સમય** |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | રામદેભાઇ અરજણભાઇ ભારવાડીયા | ૧૪–૦૬–૧૯ | ૧૫–૬–૧૯ | ઇ.પી.કો. કલમ– ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨),૫૦૭, ૧૧૪ તેમજ જી.પી. એક્ટ કલમ– | નિર્દોષ | – | – |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | ૧૩૫(૧ ) મુજબ. | | | |
| ૨ | **જયેશભાઇ ગોવિંદભાઇ સોલંકી** | ૧૫–૧૦–૧૯ | ૧૬–૧૦–૧૯ | ઇ.પી.કો. કલમ– ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨ ),૫૦૭, ૧૧૪ તેમજ જી.પી. એક્ટ કલમ– ૧૩૫(૧ ) મુજબ. | નિર્દોષ | – | – |
| ૩ | **અરજણભાઇ દુદાભાઇ ભારવાડીયા (ચાલુ કામે મરણ જતા એબેટ)** | પોલીસ સ્ટેશન મારફત નોટીસ આપેલ | ૨૭–૧૧–૧૯ | ઇ.પી.કો. કલમ– ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨ ),૫૦૭, ૧૧૪ તેમજ જી.પી. એક્ટ કલમ– ૧૩૫(૧ ) મુજબ. | નિર્દોષ | – | – |
| ૪ | **કરશનભાઇ અરજણભાઇ ભારવાડીયા** | ૦૫–૧૨–૨૦ | ૦૫–૧૨–૨૦ | ઇ.પી.કો. કલમ– ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨ ),૫૦૭, ૧૧૪ તેમજ જી.પી. એક્ટ કલમ– ૧૩૫(૧ ) મુજબ. | નિર્દોષ | – | – |

**(નમુનો :–ક)**

**ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ સાહેદોનુ લીસ્ટ**

**(એ) ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ સાહેદ :**

| **અનુ નં** | **આંક** | **નામ** | **સાહેદ ના પ્રકાર** |
|---|---|---|---|
| ૧. | ૭૦ | રાજુભાઈ ભીખાભાઈ પાતા | ફરીયાદી |
| ૨. | ૭૬ | કલ્પેશભાઈ રતિલાલ કાનાણી | પંચ સાહેદ |
| ૩. | ૭૮ | લાખાભાઈ દેવાભાઈ પાતા | પંચ સાહેદ |
| ૪. | ૮૭ | અરજણભાઈ હરદાસભાઈ રાતડીયા | સાહેદ |
| ૫. | ૯૬ | અજયભાઈ ભુપતભાઈ ચૌહાણ | સાહેદ |
| ૬. | ૯૯ | ભીખાભાઈ દેવાભાઈ પાતા | સાહેદ |
| ૭. | ૧૦૦ | રામદેભાઈ ભીખાભાઈ પાતા | સાહેદ |
| ૮. | ૧૦૭ | દેવાભાઈ ભીમાભાઈ પરમાર | સાહેદ |
| ૯. | ૧૦૮ | સંજયભાઈ ખીમજીભાઈ ભટ્ટ | સાહેદ |
| ૧૦. | ૧૧૩ | રાજેશભાઈ હમીરભાઈ કરમુર | ત.ક.અ. |

**ફરીયાદપક્ષે આંકે પાડવામાં આવેલ દસ્તાવેજની વિગત :**

**(બી) ફરીયાદપક્ષે આંકે પાડવામાં આવેલ દસ્તાવેજ :**

| **નં** | **આંક** | **દસ્તાવેજની વિગત** |
|---|---|---|
| ૧ | ૭૧ | ફરીયાદ |
| ૨ | ૭૭ | બનાવવાળી જગ્યાનું પંચનામું |
| ૩ | ૧૦૯ | હથીયારબંધીનું જાહેરનામું |

**<u>: : ઠ રા વ : :</u>**

**(૧)** આ કામે ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે**,** તા. ૦૯–૦૬–૨૦૧૯ ના રોજ કલાક ૨૧:૧૫ વાગ્યે આ કામના ફરીયાદીને અમરાપર ગામની સીમમાં પવનચકકી તથા તેના રસ્તા બનાવવાનું કામ પેટા કોન્ટ્રાકટથી રાખેલ હોય અને જે આ કામના આરોપીઓને સારૂ નહીં લાગતા

આરોપી નં.૧ રામદેભાઈ જી.સી.બી. દવારા રોડ બંધ કરતા હોય જેથી ફરીયાદીએ રોડ બંધ નહી કરવાનું કહેતા આરોપી કરશનભાઈ એકદમ ઉશ્કેરાઈ જઈ ફરીયાદીને વાંસાના ભાગે લાકડાના ધોકા વડે એક ઘા મારેલ અને આરોપી નં.ર જયેશભાઈ તથા આરોપી નં.૩ અરજણભાઈ એ જેમ ફાવે તેમ ગાળો બોલી કામ બંધ નહીં કરો તો જાનથી મારી નાખવાની ધમકી આપી ત્યારબાદ થોડા સમય પછી આ કામના આરોપી કરશનભાઈ તથા જયેશભાઈએ સાહેદ દેવાભાઈને ફોન કરી કહેલ કે પવનચકકીનું કામ બંધ કરી દે નહીંતર ફરીયાદીને જાનથી મારી નાખવાની ધમકી આપી ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરી મ્હે.ના હથીયારબંધી જાહેરનામાનો ભંગ કરી ગુનો કરેલ આ બાબતે ફરિયાદીએ આરોપી વિરુધ્ધ ગુ.ર.નં–સેકન્ડ ૪૮/૨૦૧૯ થી ફરીયાદ આપતા ઈ.પી.કો.કલમ–૩ર૩, ૫૦૪, ૫૦૬(ર), ૫૦૭, ૧૧૪ તેમજ જી.પી.એકટ ૧૩૫(૧) મુજબનો ગુનો કરેલ છે. જેથી આ કામના ફરીયાદીની ફરીયાદ મુજબ હાલના કામના આરોપીઓ વિરૂધ્ધ જામજોધપુર પોલીસ સ્ટેશનમાં ઉપરોકત કલમ મુજબનો ગુન્હો નોંધવામાં આવેલ.

(૨) ત્યારબાદ પોલીસ તપાસ પુરી થતા પોલીસે આરોપી નં–૧ થી ૩ વિરુધ્ધ સી.આર.પી.સી કલમ–૧૭૩ મુજબ ઈ.પી.કો.કલમ–૩ર૩, ૫૦૪, ૫૦૬(ર), ૫૦૭, ૧૧૪ તેમજ જી.પી.એકટ ૧૩૫(૧) મુજબના ગુનાના તહોમતનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ કરેલ જે ફો. કે.નં–૯૧ર/૧૯ આપવામાં આવેલ તથા આરોપી નં–૪ નુ પુરવણી ચાર્જશીટ રજુ કરતા ફો.કે.નં–૩૧/૨૦૨૧ આપવામાં આવેલ છે. આરોપીઓ વિરૂધ્ધ ચાર્જશીટ રજુ થતા સી.આર.પી.સી. કલમ–૧૯૦(૧)(ખ) મુજબ સંજ્ઞાન લઈ આરોપીઓને સી.આર.પી.સી.કલમ–૨૦૪ અન્વયે અત્રેની કોર્ટ ઘ્વારા સમન્સ કરતા આરોપીઓ અત્રેની કોર્ટમાં હાજર થતા તેઓને ક્રી.પ્રો.કો.કલમ–૨૦૭ ની જોગવાઈ મુજબ પોલીસ પેપર્સની નકલો મળી ગયાની ખાતરી કર્યા બાદ મારા પુરોગામીશ્રી દવારા ફો.કે.નં–૯૧ર/૧૯ તથા ફો.કે.નં–૩૧/ર૧ ના કામે આરોપીઓ નં–૧ થી ૪ વિરૂધ્ધ આંક–૩૪ થી સંયુકત તહોમતનામું

ફરમાવી અને આરોપીઓની આંક–૨૯, આંક–૩૫, આંક–૩૬ તથા આંક –૩૭ થી પ્લી લેતા ગુનાનો ઈન્કાર કરેલ. જેથી આ કામે આરોપીઓ સામેની ઈન્સાફી કાર્યવાહી ચલાવવામાં આવેલ.

(૩) **ફરીયાદી તરફે રજુ થયેલ પુરાવો :** ઉપર નમુના '**ક**' માં જણાવેલ છે, તેથી તેની પુન:ઉકિત કરેલી નથી.

(૪) સદર કામે ફરીયાદ પક્ષ તરફથી વધુ કોઈ લેખિત કે મૌખિક પુરાવો આપવો નથી તેવુ મૌખિક રીતે જાહેર કરતાં, ક્રિ.પ્રો.કોડની કલમ ૩૧૩ મુજબ આ કામના આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ. જેમાં ફરીયાદ પક્ષે રજુ થયેલ પુરાવા અન્વયેના પ્રશ્નો પુછતા તેનો જવાબ આરોપીઓએ નકારમાં આપેલ છે અને એવી હકીકત જણાવેલ છે કે, ખોટા કેસમાં સંડોવી દીધેલ હોય નિર્દોષ છોડી મુકવા અરજ કરેલ છે વધુમાં તેઓને સોગંદ પર જુબાની આપવી નથી કે બચાવના સાહેદો તપાસવા નથી, તેવી હકીકત જણાવેલ છે.

(૫) ત્યારબાદ ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી એસ.યુ.બાબી નાઓની તથા બચાવ પક્ષે વિ.વ.શ્રી એ.પી.લાલકીયા નાઓની દલીલો સાંભળવામાં આવેલ છે.

(અ) સરકાર પક્ષે એ.પી.પી.શ્રી દવારા તેઓની દલીલમાં મુખ્યત્વે જણાવેલ છે કે આ કામે તપાસવામાં આવેલ ફરીયાદી તથા સાહેદોએ ફરીયાદની હકીકતને અનુરુપ પુરાવા આપેલ આ કામના ફરીયાદી દવારા અમરાપર ગામની સીમમા પવનચકકી તથા તેના રસ્તા બનાવવાનુ કામ પેટા કોન્ટ્રકટથી રાખેલ હોય જે બાબતે આરોપીઓને સારૂ નહી લાગતા આરોપી નં–૧ નાઓ જે .સી.બી વડે રોડ બંધ કરતા હતા તે વખતે ફરીયાદીએ રોડ બંધ ન કરવાનુ જણાવતા આરોપી નં–૪ કરશનભાઈ ઉશ્કેરાઈ જઈ ફરીયાદીને વાંસાના ભાગે લાકડાના ધોકા વડે એક ઘા મારેલ તેમજ આરોપી નં–૨ ૩ નાઓએ જેમ ફાવે તેમ ભુંડી ગાળો બોલી ફરીયાદીને મારી નાખવાની ધમકી આપેલ હોવાનુ

પડેલ પુરાવાથી પુરવાર થાય છે. વિશેષમાં આરોપીઓએ સાહેદ ને ફોન કરી પવનચકકીનુ કામ બંધ કરી દો  નહીતર જાનથી મારી નાખશુ તેવી ધમકી આપેલ હોવાનુ પણ પડેલ પુરાવાથી પુરવાર થયેલ હોય આ કામના આરોપીઓએ એક બીજાની મદદગારી થી સદર ગુનો આચરેલ હોય તેમજ જાહેરનામાનો ભંગ કરેલ હોય તેવુ ફરીયાદ પક્ષે ની:શંકપણે પુરવાર કરેલ હોય જેથી આરોપીઓને તેઓની સામેના આક્ષેપિત ગુનામાં સમાજમાં દાખલો બેસે તેવી સજા તથા દંડ કરવા અરજ કરેલ છે.

(બ) આરોપીપક્ષે તેના વકીલશ્રી દવારા દલીલમાં મુખ્યત્વે જણાવેલ છે કે, કહેવાતો બનાવ રાત્રીના સમયનો છે. ફરીયાદી તથા તપાસવામાં આવેલ સાહેદો સબંધીઓ છે. આ કામે મહત્વના કહી શકાય તેવા સીકયુરીટી ગાર્ડ જેઓને આ કામે આંક–૮૭ તથા આંક–૯૬ થી તપાસવામાં આવેલ છે તેઓનો સોગંદપરનો પુરાવો ઘ્યાને લેતા ફરીયાદીના જણાવ્યા મુજબનો બનાવ બનેલ હોવાની હકીકત ને લેશમાત્ર સર્મથન કરતા પુરાવો આપેલ નથી આંક–૯૯ તથા આંક–૧૦૦ થી તપાસવામાં આવેલ સાહેદો ફરીયાદીના ભાઈ તથા પીતા થાય છે તેઓનો પુરાવો ઘ્યાને લેતા તેઓ બનાવ સ્થળે હાજર હોવાનુ પુરવાર થતુ નથી. વધુમાં આંક–૧૦૭ થી તપાસવામાં આવેલ સાહેદનો પુરાવો ઘ્યાને લેતા પણ બનાવની હકીકતોને સર્મથન પ્રાપ્ત થતુ નથી આ કામે તપાસવામાં આવેલ પંચોએ પંચનામાની હકીકત ને સર્મથન આપેલ નથી. તેમજ બનાવ સમયે જાહેર નામુ અસ્તીત્વમાં હતુ તેવુ પણ ફરીયાદ પક્ષ પુરવાર કરી શકેલ નથી. આ કામે ફરીયાદી તથા આરોપીઓની અગાઉથી અણ બનાવ ચાલતા હોવાનુ રેકર્ડ પર આવેલ છે. જેથી તદન ખોટો બનાવ ઉભો કરી ખોટી ફરીયાદ કરેલ હોય ફરીયાદ પક્ષ આરોપીઓ સામેના આક્ષેપીત ગુનાનુ તહોમત શંકા થી પર પુરવાર કરી શકેલ ન હોય આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

**(૬)** રેકર્ડ ઉપર રજુ થયેલ પુરાવા તથા બન્ને પક્ષકારો તરફે રજુ થયેલ દલીલો ધ્યાનમાં લેતાં મારાં ન્યાયીક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**૧** શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે એવી હકીકતો પુરવાર કરે છે કે, તા. ૦૯–૦૬–૨૦૧૯ ના રોજ કલાક ૨૧:૧૫ વાગ્યે આ કામના ફરીયાદીને અમરાપર ગામની સીમમાં પવનચકકી તથા તેના રસ્તા બનાવવાનું કામ પેટા કોન્ટ્રાકટથી રાખેલ હોય અને જે આ કામના આરોપીઓને સારૂ નહીં લાગતા આરોપી નં.૧ રામદેભાઇ જી.સી.બી. દવારા રોડ બંધ કરતા હોય જેથી ફરીયાદીએ રોડ બંધ નહી કરવાનું કહેતા આરોપી કરશનભાઇ એકદમ ઉશ્કેરાઇ જઇ ફરીયાદીને વાંસાના ભાગે લાકડાના ધોકા વડે એક ઘા મારેલ અને આરોપી નં.૨ જયેશભાઇ તથા આરોપી નં.૩ અરજણભાઇ એ જેમ ફાવે તેમ ગાળો બોલી કામ બંધ નહીં કરો તો જાનથી મારી નાખવાની ધમકી આપી ત્યારબાદ થોડા સમય પછી આ કામના આરોપી કરશનભાઇ તથા જયેશભાઇએ સાહેદ દેવાભાઇને ફોન કરી કહેલ કે પવનચકકીનું કામ બંધ કરી દે નહીંતર ફરીયાદીને જાનથી મારી નાખવાની ધમકી આપી ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરી મ્હે.ના હથીયારબંધી જાહેરનામાનો ભંગ કરી ગુનો કરેલ આ બાબતે ફરિયાદીએ આરોપી વિરુધ્ધ ઇ.પી.કો.કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૫૦૭, ૧૧૪ તેમજ જી.પી.એકટ ૧૩૫(૧) મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે?

**૨** શું હુકમ ?

**(૭)** ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા ન્યાયીક **તારણો** નીચે મુજબ છે.

**૧** નકારમાં.

**૨.** આખરી હુકમ મુજબ.

**: : કા ર ણો : :**

(૮) **મુદ્દા નં. ૧ અને ૨:–**

આ કામે આરોપીઓ સામેનો કેસ ફોજદારી કેસ છે અને ફોજદારી ન્યાયશાસ્ત્રનો મુળભુત સિદ્ધાંત છે કે, જ્યાં સુધી આરોપી સામે ગુન્હો સાબિત ન થાય ત્યાં સુધી તે નિર્દોષ છે તેવું માનવુ જોઈએ અને ફરીયાદપક્ષે આરોપી સામે જે આક્ષેપ સાબીત કરવા માંગતા હોય તે આક્ષેપ ફરીયાદપક્ષના સકારાત્મક પુરાવાથી શંકાથી પર સાબીત કરવું જોઈએ. આ કામે જ્યારે આરોપીઓ સામે ઇ.પી.કો. કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૫૦૭, ૧૧૪ તેમજ જી.પી.એકટ ૧૩૫(૧) મુજબનો ગુન્હો કર્યાનો આક્ષેપ છે ત્યારે ફરીયાદપક્ષે આરોપીનો ગુન્હો સાબીત કરવા માટે નીચે મુજબના તત્ત્વો સાબીત કરવા જોઈએ.

**કલમ–૩૨૩ ના તત્ત્વો.**

૧. આરોપીએ શારીરિક પીડા, રોગ અથવા અશક્તિ નિપજાવ્યા,

૨. આવુ કૃત્ય આરોપીએ વ્યથા કરવાના ઈરાદે અથવા વ્યથા થવાનો સંભવ છે તેવા જ્ઞાન સાથે એટલે કે સ્વેચ્છાપુર્વક કર્યુ હતુ.

**કલમ–૫૦૪ ના તત્ત્વો.**

૧. આરોપીએ ઈરાદાપુર્વક કોઈનું અપમાન કર્યુ,

૨. તેમ કરીને આરોપી તે વ્યક્તિને ઉશ્કેરવા માંગતી હતી,

૩. આરોપી જાણતો હતો કે તેમ થવાથી તે વ્યક્તિ જાહેરશાંતિનો ભંગ કરશે અથવા ગુન્હો કરી બેસશે.

**કલમ–૫૦૬ ના તત્વો**

૧. આરોપીએ કોઇકને ઈજા કરવાના ઈરાદાથી ધમકી આપેલ અથવા તેની આબરૂ અથવા મિલ્કતને નુકશાન થાય તે માટે આવી ધમકી આપેલી અથવા આવી વ્યકતી જે વ્યકતીમાં રસ ધરાવતી હતી તેવી વ્યકતીને ઈજા કરવા અથવા તેની આબરૂ કે મિલ્કતને નુકશાન કરવા માટે ધમકી આપી હતી.

૨. આરોપીએ ગુનાનો ભોગ બનનાર અને ચેતવણી આપવાના ઈરાદાથી આ કરેલુ.

૩. આરોપીએ કોઈ કૃત્ય ભોગ બનનારને થાય તે માટે કરેલુ કે જે માટે તે કાયદેસર બંધાયેલા હતા નહીં.

**કલમ—૫૦૭ ના તત્વો.**

૧. વ્યકિતએ કલમ ૫૦૩ હેઠળ ગુનાહીત ધમકી આપી હોવી જોઇએ.

૨. ધમકી આપનાર વ્યકિતએ પોતાનું નામ છુપાવીને (અનામી રીતે) ધમકી આપી હોય.

૩. ધમકી કયાંથી આવી રહી છે તે જાણવા ન મળે તે માટે ધમકી આપનારે પોતાના નામ અથવા નિવાસસ્થાનને છુપાવવા માટે પુર્વ સાવચેતી રાખી હોય.

**કલમ—૧૧૪ ના તત્વો.**

૧. વ્યકિતએ ગુનો કરવા માટે અગાઉથી ઉશ્કેરણી, મદદ અથવા કાવતરૂ ઘડેલુ હોવું જોઇએ.

૨. જે વ્યક્તિએ ઉશ્કેરણી કરી છે, તે વાસ્તવિક ગુનો અથવા કૃત્ય થાય તે સમયે ઘટના સ્થળે હાજર હોવી જોઇએ.

૩. જો તે વ્યકિત ઘટના સમયે હાજર ન હોય, તો પણ તે દુષ્પ્રેરક તરીકે સજાને પાત્ર હોત.

**કલમ—૧૩૫ ના તત્વો.**

૧. બનાવના સ્થળ અને સમય અંગે ગુજરાત પોલીસ એકટની કલમ—૩૭ મુજબ કાયદેસર રીતે હથિયારબંધી અંગે હુકમ કરવામાં આવેલ અને તે હુકમ અસ્તિત્વમાં હતો,

૨. હથિયારબંધી અંગેનો હુકમ જાહેરનામા માટે ઠરાવેલ પદ્ધતિથી, યોગ્ય રીતે પ્રસિદ્ધ કરવામાં આવેલ,

૩. આ કામના આરોપીએ સદરહું જાહેરનામાથી પ્રતિબંધિત જગ્યામાં હથિયાર ધારણ કરી તે હુકમનું પાલન કરેલ નથી, અથવા તેનુ પાલન ન કરવામાં કોઈને મદદ કરેલ છે.

ફરીયાદપક્ષે તમામ વ્યાજબી શંકાથી મુકત રહીને તેનો કેસ સાબીત કરવો જોઈએ તેવો ક્રિમીનલ જયુરીસપ્રુડન્સનો સ્વીકૃત સિધ્ધાંત છે. બન્ને પક્ષ તરફેની દલીલો તેમજ ફરીયાદ પક્ષે રેકર્ડ ઉપર રજુ કરેલ પુરાવાઓનુ તુલનાત્મક મુલ્યાંકન કરતાં રેકર્ડ ઉપર આવેલ પુરાવો જોઈએ તો,

**<u>ફરીયાદપક્ષનો પુરાવો</u>**

**૮.૧** ફરીયાદપક્ષે ફરીયાદી રાજુભાઇ ભીખાભાઇ પાતાએ તેઓની આંક–૭૦ ની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, હું ઉપરોકત સરનામે રહું છું અને ખેતીકામ કરૂ છું. સને ૨૦૧૯ ની સાલમાં ઈનવિઝન પ્રાઈવેટ કંપનીનો પેટા કોન્ટ્રાકટ રાખેલ જેમાં પવનચકીના પ્લેટફોર્મ તથા રસ્તા બનાવવાનું કામ કરવાનું હતું.જે અમરાપર ગામની સિમનો હતો. તા.૧૦/૬/૨૦૧૯ ના રોજ રાત્રીના ૯ વાગ્યે અમારૂ આ પ્લેટ ફોર્મ તથા રસ્તા બનાવવાનું કામ ચાલુ હતું ત્યારે અમારા સિકયોરીટીના અરજણભાઈ નો મને ફોન આવેલ અને તેમણે જણાવેલ કે અમરાપર ના પવનચકીના રસ્તા ઉપર ખોદકામ ચાલું છે. અને આ જગ્યા પર રામદેભાઈ અરજણભાઈ ખોદકામ કરતા હતા તેવું જણાવેલ.જેથી હું આ જગ્યાએ ગયેલ અને ત્યાં પુછતાં કે કામ શા માટે બંધ કરેલ છે જેથી મને રામદેભાઈ, કરશનભાઇ અને જયેશભાઈ એ મને જણાવેલ કે અહીંયા તમને કામ નહી કરવા દઈએ અને મને ગાળો બોલવા લાગેલા અને કરશનભાઈ એ મને વાંસાના ભાગે એક લાકડાના ધોકાનો ઘા મારેલ. ત્યારબાદ મે મારા પિતાજી તથા મારા ભાઈ ને ફોન કરતા આ લોકો ત્યાં આવતા તેઓ ફોરવ્હીલ ગાડી એક સ્વીફટ તથા આઇ ૨૦ ગાડી લઈને જતા રહેલા. અને ત્યારબાદ મારા કાકા દેવાભાઈ ને જયેશભાઈ તથા કરશનભાઈ એ ફોન કરીને જણાવેલ કે તારા ભત્રીજાને કહેજે કે કામ બંધ કરી દે નહીંતર

જાનથી મારી નાખીશું. જેથી મને આ લોકોએ માર મારેલ અને કામ ન કરવા બાબતની અને જાનથી મારી નાખવા બાબતની પોલિસ સ્ટેશનમાં મે ફરીયાદ આપેલ. તેઓને અસલ ફરીયાદ બતાવતા તેમાં પોતાની સહી ઓળખી બતાવેલ છે. જે ફરીયાદ આંક–૭૧ થી રજુ છે.બનાવવાળી જગ્યા પોલિસ ને મે બતાવેલ. મને જે ધોકાથી માર મારેલ તેની લંબાઇ આશરે ત્રણેક ફુટ જેટલી હતી. મને કોર્ટ રૂબરૂ મુદામાલ આર્ટીકલ નં.૧ લાકડાનો ધોકો બતાવવામાં આવે છે જે જોઇને કહું છું કે આવો લાકડાનો ધોકો હતો. હું આરોપીઓને ઓળખું છું. જેમાં આજ રોજ કરશનભાઇ અરજણભાઇ કોર્ટમાં હાજર છે. રામદેભાઇ, જયેશભાઇ તથા અરજણભાઇ કોર્ટમાં હાજર નથી. આરોપીઓનો માફી રીપોર્ટ રજુ હોય ઓળખ અંગેની તકરાર જતી કરેલ છે.

બચાવ પક્ષના વિ.વ.શ્રી દ્વારા ઉલટ તપાસ કરવામાં આવતા એ વાત કબુલ કરેલ છે કે, એ વાત ખરી છે કે મે પવનચકીમાં પ્લેટફોર્મ બનાવવાનો પેટા કોન્ટ્રાકટ રાખેલ તેનું કોઇ લખાણ કરાવેલ નહી. એ વાત ખરી નથી કે અમોએ પવનચકીનું પ્લેટફોર્મ કરશનભાઇ ની જમીન માં ઉભુ કરેલ હતું. એ વાત ની મને ખબર નથી કે કરશનભાઇ એ તેની જમીનમાં પવનચકીનું પ્લેટફોર્મ ઉભુ થતા કલેકટરમાં અરજી કરેલ કે કેમ. એ વાત ની ખબર નથી કે કલેકટરના હુકમ ઉપર નામ.ગુજરાત હાઇકોર્ટમાં કેસ ચાલે છે કે કેમ.એ વાત ખરી છે કે મને સરકારી ખરાબામાં પવનચકીનું પ્લેટફોર્મ ઉભુ કરવાનો પેટા કોન્ટ્રાકટ આપેલ તે જગ્યામાં કલેકટરશ્રીનો હુકમ આ કામે રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે બનાવ રાત્રીના નવ વાગ્યાની આસપાસ બનેલ. એ વાત ખરી છે કે બનાવ બન્યા પછી મારા ભાઇ અને મારા પિતા બનાવવાળી જગ્યાએ આવેલા.મારા પર મારા મારીનો કેસ થયેલ છે જે કેસ જામનગર સેશન્સ કોર્ટમાં ચાલે છે. એ વાત ખરી છે કે કોઇ દવાખાને સારવાર કરાવેલ નથી. મોબાઇલ ફોન પરથી અમોને ધમકી આપેલ તે નંબર હાલ યાદ નથી. એ વાત ખરી નથી કે પોલિસ ને ધમકી આપેલાનું ફોનનું રેકોર્ડીંગ આપેલ નથી. એ વાત ખરી નથી કે આરોપીઓએ મને કોઇ માર મારેલ નથી કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ ન હોય પરંતુ જુના કેસ બાબતે હાલની ખોટી ફરીયાદ કરેલ છે. બનાવના દિવસે જ પોલિસમાં ફરીયાદ આપેલ. અને

બીજા દિવસે પોલિસ પંચનામું કરવા આવેલ. એ વાત ખરી નથી કે સોગંદ ઉપર ખોટી જુબાની આપું છું.

**૮.૨** આ કામે આંક–૭૬ કલ્પેશભાઈ રતીલાલ કાનાણી તથા આંક–૭૮ થી લાખાભાઈ દેવાભાઈ પાતા નાઓને ફરીયાદના ગુના વાળિ જગ્યા અંગેના પંચનામાનાં પંચ સાહેદોને તપાસવામા આવેલ છે. જેઓ આંક–૭૭ થી રજુ બનાવ વાળિ જગ્યાના પંચનામાના પંચ સાહેદો છે. સદર બન્ને પંચ સાહેદોએ આજથી ત્રણ ચાર વર્ષ પહેલા પથથરની ખાણે જતા હતા ત્યારે પોલીસે રસ્તામાં એક લખેલા કાગળમાં સહી કરવાનુ કહેતા સહી કરી આપેલ હોવાનુ જણાવી તેઓ આ કામના ફરીયાદીને ઓળખતા હોવાનુ અને આરોપીને ઓળખતા ન હોવાનુ જણાવી આંક–૭૭ થી રજુ પંચનામામા પોતાની સહીઓ ઓળખી બતાવેલ છે. તે રીતે આ પંચ સાહેદોએ ફરીયાદ પક્ષનાં કેસની હકીકતને કોઈ સમર્થન આપેલ નથી. એટલે કે, ફરીયાદ પક્ષ તરફથી બનાવ વાળિ જગ્યાનું પંચનામું કરેલ તે બાબતના પંચ સાહેદોને તપાસવામાં આવેલા છે અને તેમની જુબાની દરમ્યાન જે પંચનામુ રજુ થયેલ છે તે રજુ થયેલ પંચનામાને પંચસાહેદોએ સમર્થન કર્તા પુરાવો આપેલ ન હોય જેથી સદર પંચ સાહેદોના પુરાવાથી આ કામે રજુ થયેલ પંચનામુ પુરવાર થયેલ નથી. જે આગળ ઉપર કરેલ ચર્ચા ધ્યાને લેતાં સ્પષ્ટ બની રહેલ છે.

**૮.3** ફરીયાદપક્ષે સાહેદ અરજણભાઈ હરદાસભાઈ રાતડીયાએ તેઓની આંક–૮૭ ની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, હું ઉપરોકત સરનામે રહું છું. હું ખેતીકામ કરૂ છું. સને ૨૦૧૯ ની સાલમાં હું અમરાપર ગામે વાડી વિસ્તારમાં ઉભીધાર વિસ્તારમાં પવનચકીની કંપનીમાં સિકયોરીટી તરીકે કામ કરતો હતો. મારી સાથે અજયભાઈ ભુપતભાઈ પણ સિકયોરીટીમાં હતા. પવનચકી નં.૧ થી ૩ માં અમો નાઈટ સિકયોરીટી તરીકે ફરજ બજાવતા હતા. તે વખતે અમે રાત્રીના જમીને જતા હતા ત્યારે આગળ જીસીબી વાળા ઉભા હતા. અમોને ત્યાં પોલિસે રોકેલ અને પુછેલ કે કયાં જાવ છો તો અમે સિકયોરીટીમાં જતા હોવાનુંજણાવેલ તો તેમણે જણાવેલ કે તમારે સહી કરવી પડશે તેમ કહેલ ત્યારે અમે પુછેલ કે તમે સિકયોરીટીમાં છો તેથી તમારે આવવું જોશે. રાત્રીનો સમય હતો જેથી કાંઈ ખોદકામ કરેલ હોય તો તેની ખબર પડે નહી. મને પવનચકીના કોન્ટ્રાકટર નું નામ ખબર નથી. અમોએ

સદર બનાવ અંગે અમારા ઉપલી અધિકારીને જાણ કરેલ નહી. પોલિસે મારી પુછપરછ કરેલ. આ કામના આરોપી નં. ૧ રામદેભાઈ અરજણભાઈ ભારવાડીયાને ઓળખું છું જે અમારા ગામના છે. આરોપી નં.૩ અરજણભાઈ દુદાભાઈ ને પણ ઓળખું છું જે અમારા ગામના છે. આરોપી નં.૨ જયેશભાઈ ગોવિંદભાઈ સોલંકીને ઓળખતો નથી. કરશનભાઈ અરજણભાઈ ને પણ હું ઓળખું છું. આમ, સદરહુ સાહેદ પોતાના સોગંદ પરના પુરાવા દરમ્યાન ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન કરતા ન હોય, વિ.એ.પી.પી.શ્રીની વિનંતીથી તેઓને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે, તેમ છતા ફરીયાદપક્ષના કેસને સમર્થન પ્રાપ્ત થાય તેવો કોઈ પુરાવો આપેલ નથી.

**૮.૪** ફરીયાદપક્ષે સાહેદ અજયભાઈ ભુપતભાઈ ચૌહાણએ તેઓની આંક–૯૬ ની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, હું સને ૨૦૧૯ ની સાલમાં પવનચકીમાં સુપર વાઈઝર તરીકે નોકરી કરતો હતો. મને બનાવ અંગે કાંઈ જાત માહિતી નથી. મારી હાજરીમાં કોઈ બનાવ બનેલ હોય તેવું બનેલ નથી. પોલિસે મારી પુછપરછ કરેલ. હું આ કામના આરોપીઓને ઓળખતો નથી. આમ, સદરહુ સાહેદ પોતાના સોગંદ પરના પુરાવા દરમ્યાન ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન કરતા ન હોય, વિ.એ.પી.પી.શ્રીની વિનંતીથી તેઓને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે, તેમ છતા ફરીયાદપક્ષના કેસને સમર્થન પ્રાપ્ત થાય તેવો કોઈ પુરાવો આપેલ નથી.

**૮.૫** ફરીયાદપક્ષે સાહેદ ભીખાભાઈ દેવાભાઈ પાતાએ તેઓની આંક–૯૯ ની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, હાલ હું ઉપરોકત સરનામે રહું છું. સને ૨૦૧૯ ની સાલમાં હું ખેતીકામ કરતો હતો અને મારો નાનો દિકરો રાજુ ભીખાભાઈ પાતા પવનચકીમાં કોન્ટ્રાકટ નું કામ કરતો હતો. બનાવ તા.૯/૬/૨૦૧૯ ના રોજ બનેલ હતો તે વખતે રાત્રીના ૮ થી ૯ વાગ્યા દરમ્યાન મને મારા દિકરા રાજુનો ફોન આવેલ અને મને જણાવેલ કે રામદે અરજણ, કરશન અરજણ , અરજણ દુદા અને જયલો ચૌટા વાળો એ ફોરવ્હીલ લઈને આવેલ અને આવીને માથાકુટ કરવા લાગેલ અને જણાવેલ કે કામ બંધ કરી દે નહીંતર જાનથી મારી નાખીશું. અને જીસીબી વડે રોડ તોડવા લાગેલ. ત્યારબાદ હું બનાવની જગ્યાએ ગયેલ. તો ઉપરોકત તમામ હકીકત મે મારી નજરે જોયેલ. ત્યારબાદ મે પોલિસ ને જાણ કરેલ. ત્યારે આ

કામના આરોપીઓ ત્યાંથી જતા રહેલ. આ બનાવ પરડવા ગામની ઉભીધાર રોડ પર બનેલ હતો જયાં પવનચકીનું લોકેશન નંબર ૧, ૨, ૩ હતું ત્યાં બનાવ બનેલ. ત્યારબાદ તે જગ્યાએ સિકયોરીટી ગાર્ડ આવી ગયેલ. જેથી તે લોકો એટલે કે આરોપીઓ ત્યાંથી જતા રહેલ. જે આરોપીઓ જેસીબી સાથે લઈ આવેલ હતા તે પોલિસે કબ્જે કરેલ. પોલિસે આ બાબતે મારી પુછપરછ કરેલ.

બચાવ પક્ષના વિ.વ.શ્રી દવારા ઉલટ તપાસ કરવામાં આવતા એ વાત કબુલ કરેલ છે કે, એ વાત ખરી છે કે મને મારા દિકરાનો ફોન આવેલ ત્યારે હું મારા ઘરે હતો. એ વાત ખરી છે કે રાજુભાઈ કોન્ટ્રાકટ નું કામ રાખે છે તેનું કોઈ લાઈસન્સ નથી. સાહેદ જણાવે છે કે પેટા કોન્ટ્રાકટ રાખે છે. એ વાત ખરી નથી કે આરોપીઓએ કોઈ જાતની માથાકુટ કરેલ નથી કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ નથી. આરોપીઓ ફોરવ્હીલ ગાડી તથા જેસીબી લઈને આવેલ હતા તેના નંબર ન હતા. એ વાત ખરી નથી કે હાલના બનાવ બાદ બીજો કોઈ બનાવ આરોપીઓ સાથે બનેલ નથી. જામનગર સેશન્સમાં અમો તથા આરોપીઓ સામે સામસામા કેસ દાખલ થયેલ છે. એ વાત ખરી છે કે હાલના બનાવ બાદ તેમજ જામનગર સેશન્સ કોર્ટમાં પેન્ડીંગ કેસના બનાવ બાદ પણ મારો દિકરો રાજુભાઈ તેનું કામ પવનચકીમાં કરે છે. એ વાત ખરી નથી કે રાજુભાઈ મારો દિકરો થતો હોય તેના સમર્થનમાં ખોટી જુબાની આપું છું.

*૮.૬* ફરીયાદપક્ષે રામદેભાઈ ભીખાભાઈ પાતાએ તેઓની આંક–૧૦૦ ની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, હાલ હું ઉપરોકત સરનામે રહું છું. સને ૨૦૧૯ ની સાલમાં હું ખેતીકામ કરતો હતો અને મારો નાનો ભાઈ રાજુ ભીખાભાઈ પાતા પવનચકીમાં કોન્ટ્રાકટ નું કામ કરતો હતો. મારા ભાઈ રાજુભાઈ એ પવનચકીમાં કોન્ટ્રાકટ રાખેલ હતો. મને મારાભાઈ નો ફોન આવેલ અને જણાવેલ કે રામદે અરજણ, કરશન અરજણ , અરજણ દુદા અને જયલો ચૌટા વાળો એ ફોરવ્હીલ લઈને આવેલ અને આવીને માથાકુટ કરવા લાગેલ અને જણાવેલ કે કામ બંધ કરી દે નહીંતર જાનથી મારી નાખીશું. આરોપીઓ બે ફોરવ્હીલ લઈને આવેલ હતા અને ધમકી મારીને જતા રહેલ હતા. બનાવ સબંધે પોલિસે મારી પુછપરછ કરેલ. હું આરોપીઓને

ઓળખું છું જેઓ આજ રોજ કોર્ટમાં હાજર નથી. આરોપીઓનો મુક્તિ રીપોર્ટ રજુ હોય ઓળખ અંગેની તકરાર જતી કરેલ છે.

બચાવ પક્ષના વિ.વ.શ્રી દ્વારા ઉલટ તપાસ કરવામાં આવતા એ વાત કબુલ કરેલ છે કે, એ વાત ખરી છે કે મને મારા ભાઈનો ફોન આવેલ ત્યારે હું મારા ઘરે હતો. એ વાત ખરી છે કે રાજુભાઈ કોન્ટ્રાકટ નું કામ રાખે છે તેનું કોઈ લાઈસન્સ નથી. સાહેદ જણાવે છે કે પેટા કોન્ટ્રાકટ રાખે છે. એ વાત ખરી નથી કે આરોપીઓએ કોઈ જાતની માથાકુટ કરેલ નથી કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ નથી. એ વાત ખરી છે કે આરોપીઓ જે ફોરવ્હીલ લઈને આવેલ તેના નંબર મને ખબર નથી. સાહેદ જણાવે છે કે રાત્રીનો સમય હતો.એ વાત ખરી છે કે હાલના બનાવ બાદ પણ મારા ભાઈ તેનું રોજીંદુ કામકાજ નિયમિત રીતે કરે છે. એ વાત ખરી નથી કે રાજુભાઈ મારો ભાઈ થતો હોય તેના સમર્થનમાં ખોટી જુબાની આપું છું.

**૮.૭** ફરીયાદપક્ષે સાહેદ દેવાભાઈ ભીમાભાઈ પરમારએ તેઓની આંક–૧૦૭ ની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, મને બનાવની તારીખ હાલ યાદ નથી. આ બનાવ આશરે છ સાત વર્ષ પહેલા બનેલ. બનાવમાં કરશન અરજણ ભારવાડીયાએ મને તેમજ મારા ભત્રીજાને ફોન કરેલ. પવનચકી લોકેશન નં. ૧,૨,૩ ઉપર પ્લેટફોર્મ બનાવવાનું કામ ચાલુ હોય કરશન અરજણ ભારવાડીયા મને ફોનમાં અપશબ્દો બોલેલ હતા. મારો ભત્રીજો રાજુભાઈ ભીખાભાઈ રસ્તો રીપેરીંગનું કામ કરતો હતો જેથી તેના સાધનો જેસીબી અને ટ્રેકટર ત્યાં પડેલ હતા ત્યારે કરશન અરજણ એ ધમકી આપેલ કે મારે આ જગ્યા બાબતે વાંધો છે. ફરીયાદ અન્વયે શું બનાવ બનેલ તે હાલ મને યાદ નથી. આમ, સદરહુ સાહેદ પોતાના સોગંદ પરના પુરાવા દરમ્યાન ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન કરતા ન હોય, વિ.એ.પી.પી.શ્રીની વિનંતીથી તેઓને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે, ફરી ગયેલા જાહેર થયા બાદ વિ.એ.પી.પી.શ્રી દ્વારા તેઓની વિગતવાર ઉલટતપાસ કરવામાં આવેલ છે, તેમ છતા ફરીયાદપક્ષના કેસને સમર્થન પ્રાપ્ત થાય તેવો કોઈ પુરાવો આપેલ નથી.

બચાવ પક્ષના વિ.વ.શ્રી દ્વારા ઉલટ તપાસ કરવામાં આવતા એ વાત કબુલ કરેલ છે કે, એ વાત ખરી છે કે બનાવ બનેલ ત્યારે હું અમદાવાદ

હતો.એ વાત ખરી છે કે બનાવની જાણ મને ફોન થી કરેલ. એ વાત ખરી છે કે કયા નંબરથી ધમકી આપેલ તે હાલ યાદ નથી. સાહેદ જણાવે છે કે અગાઉ લખાવેલ.

૮.૮ ફરીયાદપક્ષે સાહેદ સંજયભાઇ ખીમજીભાઇ ભટ્ટએ તેઓની આંક–૧૦૮ ની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, હું જુલાઇ ૨૦૨૪ થી કલેકટર કચેરી જામનગર ખાતે ફોજદારી શાખામાં કારકુન તરીકે નોકરી કરૂ છું.

જાહેરનામા તા.૧૦/૫/૨૦૧૯ ના ક્રમાંકનં.ડીએમ/હથિયારબંધી/૧૦૦૫/૨૦૧૯ અધિક જીલ્લા મેજી.સા.જામનગરના જાહેરનામા સમય તા.૧૦/૫/૨૦૧૯ ક.૧૧:૦૦ વાગ્યાથી તા.૯/૭/૨૦૧૯ ક.૨૪:૦૦ ( બંને દિવસો સહિત) નું અમલમાં રહે તે હેતુ થી પ્રસિધ્ધ થયેલ. પોલિસ અધિક્ષકશ્રી જામનગરના નં.એલ. આઇ.બી/જાવક નં./૧૯૫૧/૧૯ તા.૯/૫/૨૦૧૯ ની દરખાસ્ત અન્વયે અત્રેથી ગુજરાત પોલિસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૩૭(૧) હેઠળનું જાહેરનામું રમઝાન ઇદના તહેવારની વ્યવસ્થા જળવાય રહે તે હેતુ થી હથિયારબંધી જાહેર નામું બહાર પાડવામાં આવેલ. જેની એટેસ્ટેડ કોપી આજ રોજ મારી સાથે લાવેલ છું જેમાં અધિક જીલ્લા મેજી.સા.ની સહી તથા સિક્કો છે જેને રજુ દાખલ આંક–૧૦૯ આપવામાં આવે છે.હથિયારબંધી જાહેરનામું અમલમાં હોય ત્યા સુધી કોઇ વ્યકતિ હથિયાર લઇ નિકળી શકે નહી કે તેનો ઉપયોગ કરી શકે નહી.

બચાવ પક્ષના વિ.વ.શ્રી દ્વારા ઉલટ તપાસ કરવામાં આવતા એ વાત કબુલ કરેલ છે કે, એ વાત ખરી છે કે જાહેરનામાના પ્રથમ પાના પર કોઇ રાઉન્ડશીલ મારેલ નથી. એ વાત ખરી છે કે હું રેકર્ડ આધારીત જુબાની આપું છું. એ વાત ખરી છે કે જાહેરનામું વિધિસર રીતે પ્રસિધ્ધ થયેલ કે કેમ તે હું કહી શકુંનહી. એ વાત ખરી છે કે બનાવવાળી જગ્યાએ જાહેરનામું વિધિસર રીતે પ્રસિધ્ધ કરવામાં આવેલ કે કેમ તે હું કહી શકું નહી.

૮.૯ ફરીયાદપક્ષે ત.ક.અ. રાજેશભાઇ હમીરભાઇ કરમુરએ તેઓની આંક–૧૧૩ ની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, સને ૨૦૧૯ ની સાલમાં હું જામજોધપુર પો.સ્ટે.માં હેડ કો.તરીકે ફરજ બજાવતો હતો ત્યારે તા.૧૦/૬/૨૦૧૯ ના રોજ પોલિસ હેડ કો.પી.એસ.ઓ.આર.આર. બાવળીયા નાઓએ જામજોધપુર પોલિસ સ્ટેશન સેકન્ડ ગુના રજી.નં. ૪૮/

૨૦૧૯ આઇ.પી.સી.કલમ ૩૨૩,૫૦૪,૫૦૬(૨),૫૦૭,૧૧૪ તથા જી.પી. એકટ કલમ ૧૩૫(૧) મુજબના ગુનાની પોતાના રૂબરૂની ફરીયાદીશ્રી રાજુભાઇ ભીખાભાઇ પાતા રે.પરડવા ગામ તા.જામજોધપુર જી.જામનગર વાળાએ ફરીયાદ આપતા ફરીયાદ લઇ ગુનો રજીસ્ટર કરી આગળની તપાસ આપતા કાગળો સંભાળી લઇ અમોએ આ કામે બનાવવાળી જગ્યાનું પંચનામું કરેલ તેમજ લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલ તેમજ ફરીયાદમાં જે તે વખતે ફરીયાદીએ આરોપી જયેશ ગોવિંદભાઇ સોલંકીનું નામ જયેશ ચંદ્રવાડીયા રે.ચૌટા ગામ વાળો હોવાનું લખાવેલ હોયજે બાબતે ફરીયાદીનું વિશેષનિવેદન લઇ આરોપીના સાચા નામ બાબતે તપાસ કરી આ કામેના આરોપી રામદેભાઇ અરજણભાઇ ભારવાડીયા રે.અમરાપર ગામ વાળાનાઓને તા.૧૪/૬/૨૦૧૯ ના રોજ અટક કરી મુદત હરોળમાં નામ.કોર્ટ હવાલે કરેલ તેમજ આરોપી જયેશ ગોવિંદભાઇ સોલંકી રે.ચૌટા ગામ તા.કુતિયાણા વાળાનાઓને તા.૧૫/૧૦/૨૦૧૯ ના અટક કરી મુદત હરોળમાં નામ. કોર્ટ હવાલે કરેલ તેમજ આરોપી અરજણભાઇ દુદાભાઇ ભારવાડીયા ઉ.વ.૬૮ રે.અમરાપર ગામ વાળાનાઓ વયોવ્રુધ્ધ હોય જેથી નામ.સુપ્રિમ કોર્ટ તેમજ નામ.હાઇકોર્ટની ગાઇડલાઇન મુજબ નોટીસ આપેલ. તેમજ આ ગુનાના મુખ્ય આરોપી કરશનભાઇ અરજણભાઇ ભારવાડીયાનાઓ ગુનો કરી ગુનામાં ઉપયોગમાં લીધેલ હથિયાર તેમજ વાહન લઇ નાશી ગયેલ હોય તેઓની તપાસ કરતા મળી આવેલ ન હોય આ કામેના આરોપી કરશન અરજણ ભારવાડીયા તેમજ જયેશ ગોવિંદ સોલંકીનાઓએ પોતાના મોબાઇલ નંબરમાંથી આ કામેના સાહેદ દેવાભાઇ ભીમાભાઇ પરમારનાઓને ફોન ઉપર જાનથી મારી નાખવાની ધમકી આપેલ જે બાબતે બંને આરોપીઓની કોલ ડીટેલ મેળવતા કોલ ડીટેલ માં આરોપી જયેશ સોલંકીએ પોતાના મોબાઇલ નંબર ૯૨૭૭૫૦૫૦૫૦ ઉપરથી તા.૯/૬/૨૦૧૯ ના ક.૨૨:૨૨ વાગ્યે સાહેદ ને ફોન કરેલ હોવાની હકીકત કોલ ડીટેલ ઉપરથી જણાય આવેલ છે જેની નકલ આજ રોજ રજુ કરૂ છું જેને રજુ દાખલ આંક...પકડાયેલ આરોપીઓ વિરુધ્ધ પુરતા પુરાવા હોય જેથી મે.ડી.એમ.સા.ના જાહેરનામાના કાગળો સામેલ રાખી આરોપીઓ વિરુધ્ધ ચાર્જશીટ કરવામાં આવેલ તેમજ આરોપી કરશન અરજણ ભારવાડીયા પકડાયેલ ન હોય ચાર્જશીટની કોલમમાં નાશતા

ફરતા આરોપી તરીકે લાલશાહીથી દર્શાવેલ. આરોપીઓ આજ રોજ કોર્ટમાં હાજર નથી હાજર હોય તો ઓળખી શકું.

બચાવ પક્ષના વિ.વ.શ્રી દ્વારા ઉલટ તપાસ કરવામાં આવતા એ વાત કબુલ કરેલ છે કે, એ વાત ખરી નથી કે બનાવવાળી જગ્યાનું પંચનામું પંચો રૂબરૂ કરવામાં આવેલ નથી. એ વાત ખરી છે કે બનાવવાળી જગ્યા પવનચકીના લોકેશન અંગે ના સરકારી કાગળો તપાસના કામે સામેલ રાખેલ નથી. એ વાત ખરી છે કે મારી તપાસ દરમ્યાન આરોપીઓનું અટક પંચનામું કરવામાં આવેલ નથી. એ વાત ખરી છે કે મારી તપાસ દરમ્યાન હથિયાર રીકવર અંગેનું પંચનામું કરવામાં આવેલ નથી. એ વાત ખરી છે કે મારી તપાસ દરમ્યાન ફરીયાદીએ કોઇ સારવાર લીધેલ હોય તેવું ખુલેલ નથી અને સારવાર સર્ટી રજુ રાખેલ નથી.

સવાલ:- તમારી તપાસ દરમ્યાન કોલ ડીટેલ રજુ રાખેલ તે સિમ કોના નામે આવેલ હતું તેની તપાસ કરેલ?

જવાબ:- અમારી તપાસ દરમ્યાન અમોએ આરોપીઓની કોલ ડીટેલ મેળવવા માટે નમુના મુજબનો રીપોર્ટ તૈયાર કરી નોડલ અધિકારીશ્રી દવારા જે તે સિમ પ્રોવાઇડર ને મોકલેલ હોય અને જે તે કંપની તરફથી આરોપીઓના સીડીઆર આવેલ હોય પરંતુ કંપની તરફથી આરોપીઓના એસ.ડી.આર.મળવામાં ન હોય જેથી તપાસના કામે એસ.ડી.આર.સામેલ રાખવામાં આવેલ નથી.

એ વાત ખરી છે કે કોલડીટેલ ના આધારે શું વાતચીત થયેલ હોય તે કહી શકાય નહી.એ વાત ખરી છે કે આરોપીના નામફેર બાબતે કોઇ આધાર કાર્ડ કે ચુંટણી કાર્ડ મેળવી તપાસના કામે રજુ રાખેલ નથી. એ વાત ખરી છે કે બનાવવાળી જગ્યા સિમવિસ્તાર છે. એ વાત ખરી છે કે આ કામે આજુબાજુના ખેડુતોના નિવેદનો લેવામાં આવેલ નથી. સાહેદ જણાવે છે કે આજુબાજુ ધાર આવેલ છે જેથી લેવામાં આવેલ નથી. એ વાત ખરી છે કે સ્થાનિક જગ્યાનું રફસ્કેચ તૈયાર કરી મારી તપાસ દરમ્યાન રજુ રાખેલ નથી. એ વાત ખરી નથી કે આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો ન હોય ખોટું ચાર્જશીટ કરેલ છે.

**<u>ફરીયાદપક્ષના પુરાવાનું મુલ્યાંકન</u>**

૯. આ કામે આરોપીઓ સામે આઇ.પી.સી. કલમ–૩૨૩ મુજબના ગુનાનું તહોમત રહેલ છે ત્યારે તે સંદર્ભમાં ચર્ચા કરીએ તો, આ કામે આંક–૭૦ થી તપાસવામાં આવેલ ફરીયાદીએ પોતાના પુરાવામાં જણાવે છે કે, તા.૧૦/૦૬/૨૦૧૯ ના રોજ રાત્રીના ૯ વાગે અમારૂ પ્લેટફોર્મ તથા રસ્તાનું કામ ચાલુ હતુ ત્યારે અમારા સીકયોરીટીના અરજણભાઇનો મને ફોન આવેલ અને જણાવેલ કે અમરાપરના પવનચકકીના રસ્તા પર ખોદકામ ચાલુ છે અને આ જગ્યા પર રામદેભાઈ અરજણભાઈ ખોદકામ કરતા હતા તેવુ જણાવતા હું આ જગ્યા એ ગયેલ અને ત્યાં શા માટે બંધ કરેલ છે તેમ પુછતા રામદેભાઈ કરશનભાઈ અને જયેશભાઈએ અહીંયા તમને કામ કરવા નહીં દઈએ તેમ જણાવી ગાળો બોલવા લાગેલા અને કરશનભાઈએ મને વાંસાના ભાગે એક લાકડાના ધોકાનો ઘા મારેલ તેમ જણાવી તેઓને મુદામાલ આર્ટીકલ બતાવતા કોર્ટ રૂબરૂ મુદામાલ આર્ટીકલ લાકડાનો ધોકો ઓળખી બતાવેલ છે. આમ, ફરીયાદીનો પુરાવો ધ્યાને લેતા તેણે પોતાના પુરાવામાં આ કામના આરોપી કરશનભાઈએ તેઓને વાંસાના ભાગે એક લાકડાનો ધોકો મારેલ હોવાનું જણાવે છે, હવે આ સંદર્ભમાં સદર ફરીયાદીની ઉલટતપાસ ધ્યાને લેતા તેઓએ તે વાતનો સ્વીકાર કરેલ છે કે કોઈ દવાખાને સારવાર કરાવેલ નથી. વધુમાં ફરીયાદીના પુરાવાની હકીકત ધ્યાને લેતા બનાવ રાત્રીના નવ વાગ્યાની આસપાસ બનેલ હોવાનું જણાવે છે. ત્યારે બનાવવાળિ જગ્યા આરોપીઓ ઓળખી શકાય તેવુ અજવાળુ હતુ કે કેમ તેવુ ફરીયાદપક્ષના પુરાવાથી સ્પષ્ટ થતું નથી અને ફરીયાદપક્ષનો સમગ્ર પુરાવો ધ્યાને લેતા બનાવ વખતે સીકયોરીટીના માણસો કે જેઓને આ કામે આંક–૮૭ થી તથા આંક–૯૬ થી તપાસવામાં આવેલ છે. તેઓ બનાવવાળિ જગ્યાએ બનાવ વખતે હાજર હતા તેવું સ્પષ્ટ થાય છે. પરંતુ સદર બંને સાહેદોનો પુરાવો ધ્યાને લેતા આ કામના આરોપી કરશનભાઈએ ફરીયાદીની વાંસાના ભાગે લાકડાનો ધોકો મારેલ હતો તે હકીકતને સમર્થન કરતા લેશમાત્ર પુરાવો આપેલ નથી. ઉલટાનું આંક–૯૬ થી તપાસવામાં આવેલ સાહેદે પોતાની હાજરી માં કોઇ બનાવ બનેલ ન હોવાનું જણાવેલ છે તે જ રીતે આંક–૮૭ થી તપાસવામાં આવેલ સાહેદનો પુરાવો ધ્યાને લેતા રાત્રીનો સમય હોય જેથી કાંઇ ખોદકામ

કરેલ હોય તો તેની ખબર પડે નહીં. આમ, આ સાહેદે પણ બનાવ વખતે ફરીયાદીને આરોપી કરશનભાઇએ વાંસાના ભાગે લાકડાનો ધોકો મારેલ હતો તેને સમર્થન આપેલ નથી. વધુમાં ફરીયાદીના જણાવ્યા મુજબ બનાવવાળિ જગ્યાએ આરોપીઓ ખોદકામ કરતા હતા તે હકીકતને પણ આંક–૮૭ તથા આંક–૯૬ થી તપાસવામાં આવેલ સાહેદોના પુરાવાથી સમર્થન મળેલ નથી. વધુમાં આંક–૯૯ તથા આંક–૧૦૦ થી તપાસવામાં આવેલ સાહેદોનો પુરાવો ધ્યાને લેતા તેઓએ પણ પોતાના પુરાવામાં આરોપી કરશનભાઇએ ફરીયાદીને લાકડાના ધોકા વડે ઈજા કરેલ હતી તેવો લેશમાત્ર પુરાવો રજુ રાખેલ નથી. આમ, બનાવ વખતે આરોપી કરશનભાઇએ ફરીયાદીએ વાંસાના ભાગે લાકડાનો ધોકો મારેલ હતો તે હકીકતને બનાવ વખતે હાજર સાહેદના પુરાવાથી સમર્થન પ્રાપ્ત થયેલ નથી. તેવો કોઇ મેડીકલ પુરાવો આ કામે રજુ થયેલ નથી. તેવા સંજોગોમાં બનાવ વખતે ફરીયાદીની સ્વેચ્છા પુર્વક આ કામના આરોપી કરશનભાઇએ બનાવ વખતે ફરીયાદીને વાંસાના ભાગે ધોકો મારી સ્વેચ્છાપુર્વક વ્યથા પહોંચાડેલ હતી તે હકીકત શંકાથી પર પુરવાર થતી નથી. તેવા સંજોગોમાં ઉપર કરેલ ચર્ચા મુજબ આરોપીઓને તેમની સામેના આક્ષેપીત આઇ.પી.સી.કલમ–૩૨૩ મુજબના ગુનામાં દોષીત ઠરાવી શકાય નહીં તેવું આ કોર્ટનું નમ્રપણે માનવુ છે.

**૧૦.** આ કામે પડેલ સમગ્ર લેખીત મૌખીક પુરાવાનુ મુલ્યાંકન કરીએ તો, આરોપીઓ સામે ફરીયાદીને ભુંડી ગાળો આપી ઈરાદા પુર્વક અપમાન કરી આઇ.પી.સી. કલમ–૫૦૪ મુજબના ગુનાનુ તહોમત રહેલ છે. ત્યારે સદર તહોમત પુરવાર કરવા માટે ફરીયાદ પક્ષે એ હકીકત પુરવાર કરવી પડે કે, આરોપીઓએ એવા ઈરાદાથી ફરીયાદીનુ અપમાન કરેલ હતુ કે જેથી ફરીયાદી ઉશ્કેરાઇ જઇ જાહેર સુલેહ શાંતીનો ભંગ કરે અથવા કોઇ ગુનો કરી બેસસે એવુ સંભવ હોવાનુ જાણવા છતા આરોપીઓએ ફરીયાદીનુ અપમાન કરેલ હતુ તે ઉશ્કેરાટનુ કારણ આપેલ હતુ તે સંદર્ભમાં આંક–૭૦ થી તપાસવામાં આવેલ ફરીયાદીનો પુરાવો ધ્યાને લેતા તેઓએ પોતાના પુરાવામાં, તેઓ બનાવ વાળિ જગ્યાએ ગયેલા અને ત્યાં કામ શા માટે બંધ કરેલ છે તેમ પુછતા આરોપીઓએ અહીંયા તમને કામ કરવા નહી દઇએ તેમ જણાવી મને ગાળો બોલવા લાગેલ હવાનુ જણાવેલ છે. હવે આ હકીકત અન્વયે આંક–૯૯ તથા

૧૦૦ થી તપાસવામાં આવેલ સાહેદોનો પુરાવો ધ્યાને લેતા આરોપીઓએ ફરીયાદીને ગાળો બોલેલી હતી તવો લેશમાત્ર સર્મથનકારી પુરાવો આપેલ નથી વધુમાં ફરીયાદીના જણાવ્યા મુજબના સીકયોરીટીના માણસો કે જે બનાવ ના સ્થળે હાજર હતા તેઓને આંક–૮૭ તથા આંક–૯૬ થી તપાસવામાં આવેલ છે. તેઓનો પુરાવો ધ્યાને લેતા ફરીયાદીને બનાવ વખતે આરોપીઓએ ગાળો આપેલ હતી તે હકીકતને સર્મથન આપેલ નથી. વધુમાં ફરીયાદીએ પણ પોતાના પુરાવામાં આરોપીઓએ શું ગાળો આપેલ હતી તે ચોકકસ શબ્દો પોતાના પુરાવામાં જણાવેલ નથી. તેવા સંજોગોમાં બનાવ વખતે આરોપીઓએ ઉશ્કેરાટ આપવાના કારણસર ફરીયાદીને ભુંડી ગાળો આપેલ હતી અને તેમ કરીએ ફરીયાદીને ઉશ્કેરાટનુ કારણ આપેલ હતુ તે હકીકત શંકારહીત પુરવાર થતી નથી કારણ કે, જે વ્યકિતનું અપમાન કરવામાં આવેલ હોય તે વ્યકિતનું અપમાન ઈરાદાપૂર્વક કરવામાં આવેલ હોવાનું તથા તેવું અપમાન ઉશ્કેરણીજનક હોવુ પુરવાર કરવુ ફરીયાદ પક્ષે જરૂરી છે. કયાં શબ્દો વડે ભોગ બનનારનું અપમાન કરવામાં આવેલ તે અસલ શબ્દો રેકર્ડ પર આવવા જરૂરી છે. જો આવા શબ્દો રેકર્ડ પર આવી ન શકે તો ઈ.પી.કો. કલમ–૫૦૪ ના આક્ષેપો પુરવાર થયેલ માની શકાય નહિ. વધુમાં, **નામદાર ગુજરાત હાઈકોર્ટે પ્રવિણભાઈ બેચરદાસ વણકર અને બીજાઓ વિરૂધ્ધ ગુજરાત રાજય, ૨૦૦૭(૧) જી.એલ.એચ. ૩૩૭** નાં ચુકાદામાં ઠરાવેલ છે કે ભારતીય ફોજદારી ધારાની કલમ–૫૦૪ માં લખ્યા પ્રમાણે અપમાન માત્ર ઈરાદાપુર્વકનું જ નહિ પરંતુ અપમાનિત વ્યકિતને જાહેર શાંતિનો ભંગ કરવા અથવા અન્ય ગુન્હો કરવા ઉશ્કેરણી કરતુ હોવુ જોઈએ તેમજ તેનાં અસલ શબ્દો રેકર્ડ પર આવે નહી ત્યાં સુધી એવું ઠરાવવું શકય નથી કે આ પ્રમાણેનો ગુન્હો આચરવામાં આવેલો છે. હાથ પરના કેસમાં ફરીયાદ પક્ષે પડેલ ઉપરોકત પુરાવો ધ્યાને લેવામા આવે તો આ કામે તપાસવામાં આવેલ ફરીયાદી તથા સાહેદોનો પુરાવો ધ્યાને લેતા આરોપીઓએ ઈરાદા પુર્વક ફરીયાદી કે સાહેદોની કોઈ ઈન્સલ્ટ કરેલ હોય કે તેમની ઉશ્કેરણી કરેલ હોય તે મુજબનો

કોઈ પુરાવો ફરીયાદ પક્ષે રેકર્ડ પર રજુ કરી શકેલ નથી. માત્ર ફરીયાદીએ પોતાના પુરાવામાં આરોપીઓ તેમને ગાળો બોલતા હોવાનું જણાવેલ છે પરંતુ તે હકીકતને સમર્થનકર્તા તેના ચાકકસ શબ્દો પુરાવામાં જણાવતા નથી જેથી ફરીયાદ પક્ષે ઈ.પી.કો. કલમ ૫૦૪ મુજબનો ગુનો પુરવાર કરી શકેલ નથી તેવુ આ કોર્ટનુ નમ્રપણે માનવુ છે.

**૧૧.** આ કામે આરોપીઓ વિરૂઘ્ધ જયારે ઈ.પી.કો. કલમ–૫૦૬(૨) મુજબના આક્ષેપો હોય તે અન્વયે ચર્ચા કરીએ તો, આંક–૭૧ થી ફરીયાદી પોતાના પુરાવામાં જણાવે છે કે, બનાવ બાદ તેમના કાકા દેવાભાઈ ને આરોપી જયેશભાઈ તથા કરશનભાઈ એ ફોન કરીને જણાવેલ હતુ કે તારા ભત્રીજાને કહેજે કે કામ બંઘ કરીદે નહીતર જાનથી મારી નાખીશુ તેમ જણાવેલ તેમજ આંક–૯૯ તથા આંક–૧૦૦ થી તપાસવામાં આવેલ સાહેદોએ પણ પોતાના પુરાવામાં આરોપીઓએ કામ બંઘ કરીદે નહીતર જાનથી મારી નાખવાની ઘમકી આપેલાનો સર્મથનકારી પુરાવો રજુ રાખે છે. પરંતુ સદર આંક–૯૯ તથા આંક–૧૦૦ થી તપાસવામાં આવેલ સાહેદોએ હાલના બનાવ બાદ પણ ફરીયાદી તેમનુ રોજીંદુ પવનચકકી કામ કરતા હોવાનુ સ્વીકારેલ છે. વઘુમાં બનાવ વખતે સીકયુરીટીના માણસો હાજર રહેલ હોવાનુ ફરીયાદીએ પોતાના પુરાવામાં જણાવેલ છે. ત્યારે આંક–૮૭ તથા આંક–૯૬ થી તપાસવામાં આવેલ સાહેદોએ બનાવ વખતે ફરીયાદીને આરોપીઓએ કામ બંઘ કરવાનુ કહેલ અને કામ બંઘ નહી કરે તો જાનથી મારી નાખવાની ઘમકી આપેલ હોય તેવો લેશમાત્ર પુરાવો આપેલ નથી. તેમ છતા બનાવ ના સમયે આ કામના આરોપીઓએ ફરીયાદીને ઘમકી આપેલ હતી તેવુ માની લેવામાં આવે તો પણ આ ઘમકીથી ફરીયાદી ભયભીત થયેલ હોય તેવુ રેકર્ડ પર આવતુ નથી કારણ કે તપાસવામાં આવેલ અન્ય સાહેદો ફરીયાદીના પીતા અને ભાઈ થાય છે તેઓએ ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, હાલના

બનાવ બાદ પણ ફરીયાદી તેની પવનચકકીનુ કામ નીયમીત રીતે કરે છે. આમ, આરોપીઓની ધમકીથી ફરીયાદી પોતાનું કામકાજ કરવા અશકત બનેલ હોય કે ધમકીની અસર હેઠળ પોતાનું નિયમીત કામકાજ કરી શકતા ન હોય અને સતત ભયના ઓથા તળે જીવતા હોય તેવું પુરવાર થતું નથી. આરોપીઓએ આપેલ મારી નાખવાની ધમકીની ફરીયાદી ઉપર અસર થયેલાની હકીકત પણ શંકારહીત પુરવાર થતી નથી. જેથી, આરોપી નાઓને તેમની સામેના ઈ.પી.કો. કલમ–૫૦૬(૨) મુજબ સજાને પાત્ર ગુન્હા બદલ તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી.

**૧૨.** વિશેષમાં આ કામે આરોપીઓ સામે જી.પી.એકટ–૧૩૫(૧) મુજબના ગુનાનુ તહોમત રહેલ હોય ત્યારે તે અંગે ચર્ચા કરીએ તો આ કામે આંક–૧૦૮ થી તપાસવામાં આવેલ કલેકટર કચેરીના કર્મચારી દવારા પોતાના પુરાવામાં રમજાન ઇદના તહેવારની વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુથી તા.૧૦/૦૫/૨૦૧૯ કલાક–૧૧ વાગ્યા થી તા.૦૯/૦૭/૨૦૧૯ના કલાક–૨૪:૦૦ (બન્ને દીવસો સહીતનુ) અમલમાં રહે તે હેતુથી જીલ્લા પોલીસ અધીક્ષકની દરખાસ્ત અન્વયે જાહેરનામુ પ્રસીધ્ધ કરેલ હોવાનુ જણાવી આંક–૧૦૯ થી જાહેરનામુ રજુ રાખેલ છે. જયારે પોતાના ઉલટ તપાસના પુરાવામાં એ વાત નો સ્વીકાર કરેલ છે કે, જાહેરનામુ બનાવ વાળિ જગ્યાએ વિધીસર રીતે પ્રસીધ્ધ કરવામાં આવેલ કે કેમ તે હુ કહી શકુ નહી આમ, સદર સાહેદના પુરાવાથી આ કામે આંક–૧૦૯ થી રજુ થયેલ જાહેરનામુ હાલના બનાવ વખતે અમલમાં હતુ તેમ માની શકાય તેમ છે. પરંતુ આંક–૧૦૯ થી રજુ થયેલ જાહેરનામુ વિધીસર રીતે પ્રસીધ્ધ થયેલ હતુ તે હકીકત રેકર્ડપરના પુરાવાથી પુરવાર થતી નથી, વધુમાં આ સંદર્ભમાં આંક–૧૧૩ થી તપાસવામાં આવેલ તપાસ કરનાર અધીકારીનો પુરાવો ધ્યાને લેતા પણ આંક–૧૦૯ થી રજુ થયેલ જાહેરનામુ વીધીસર રીતે પ્રસીધ્ધ થયેલ હતુ તે હકીકત પુરવાર થતી નથી. આમ રેકર્ડ પરના પુરાવાથી હાલના બનાવ સમયે આંક–૧૦૯ થી રજુ જાહેરનામુ અસ્તીત્વ માં હતુ તે પુરવાર થાય છે પરંતુ તે વીધીસર રીતે પ્રસીધ્ધ થયેલ હતુ તે હકીકત પુરવાર થતી ન હોય તેવા

સંજોગોમાં આરોપીઓને તેમની સામેના આક્ષેપીત જી.પી.એકટ–૧૩૫(૧) મુજબના ગુનામાં દોષીત ઠરાવી શકાય નહી તેવુ આ કોર્ટનુ નમ્રપણે માનવુ છે.

**૧૩.** આ કામે આરોપીઓ સામે આઇ.પી.સી. કલમ–૫૦૭ મુજબના ગુનાનુ તહોમત રહેલ હોય ત્યારે તે અન્વયે ફરીયાદ પક્ષે પડેલ પુરાવાની ચર્ચા કરીએ તો આંક–૧૦૭ થી તપાસવામાં આવેલ સાહેદે પોતાના પુરાવામાં બનાવ આજ થી છ સાત વર્ષ પહેલા બનેલ હોવાનુ અને બનાવમાં આરોપી કરશન અરજણ ભારવાડીયાએ તેઓને તથા તેમના ભત્રીજાને ફોન કરેલ અને પવનચકકી લોકેશન નં–૧, ૨, ૩ ઉપર પ્લેટફોર્મ બનાવવાનુ કામ ચાલુ હોય કરશન અરજણ ભારવાડીયાએ તેઓને અપશબ્દ બોલેલ હોવાનુ પોતાના પુરાવામાં જણાવેલ આમ આ સાહેદે ફરીયાદ પક્ષની હકીકતોને અનુરૂપ પુરાવો ન આપતા એ.પી.પી.શ્રીની મૌખીક વિનંતીથી ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપવા છતા બનાવની હકીકતોને અનુરૂપ પુરાવો આપેલ નથી. અને આરોપી પક્ષેની ઉલટ તપાસમાં બનાવ વખતે અમદાવાદ હોવાનુ અને બનાવની જાણ ફોનથી થયેલ હોવાનુ અને કયા નંબરથી ધમકી આપેલ તે હાલ યાદ ન હોવાનુ સ્વીકારેલ છે. આમ આ સાહેદનો પુરાવો ધ્યાને લેતા આરોપી કરશન અરજણભાઇ ભારવાડીયાએ ફોનમાં અપશબ્દો બોલેલ હોવાનુ માત્ર જણાવેલ છે. વધુમાં આ સંદર્ભમાં આંક–૧૧૩ થી તપાસવામાં આવેલ તપાસકરનાર અધીકારીનો પુરાવો ધ્યાને લેતા તેઓએ પોતાના પુરાવામાં આરોપી કરશન અરજણ ભારવાડીયા તેમજ જયેશ ગોવીંદભાઇ સોલંકીનાઓએ પોતાના મોબાઇલ નંબરમાથી સાહેદ દેવાભાઇ ભીમાભાઇ પરમારને ફોન ઉપર મારી નાખવાની ધમકી આપેલ તે બાબતે આરોપીઓની કોલ ડીટેલ મેળવતા આરોપી જયેશ સોલંકીએ પોતાના મોબાઇલ નંબર–૯૨૭૭૫૦૫૦૫૦ ઉપરથી તા.૦૯/૦૬/૧૯ ના કલાક–૨૨:૨૨ વાગ્યે સાહેદને ફોન કરેલ હોવાનુ કોલ ડીટેઇલ ઉપરથી જણાઇ આવેલ તેમ જણાવી આંક–૧૧૪ થી કોલ ડીટેલ રજુ રાખેલ છે. જયારે પોતાની ઉલટ તપાસમાં આરોપીપક્ષે પુછાયેલ સવાલ જેમ કે, તમોએ તપાસ દરમ્યાન કોલ ડીટેલ રજુ રાખેલ તે સીમ કોના નામે આવેલ હતુ તેની તપાસ કરેલી તે સવાલ ના જવાબમાં તપાસકરનાર અધીકારીએ જણાવેલ છે કે, તપાસ દરમ્યાન

આરોપીઓની કોલ ડીટેલ મેળવવા રીપોર્ટ તૈયાર કરી સીમ પ્રોવાઇડર ને મોકલેલ અને તે જે તે કંપની તરફથી આરોપીઓના સી.ડી.આર આવેલ પરંતુ કંપની તરફથી એસ.ડી.આર મળી આવેલ ન હોય જેથી એસ.ડી.આર તપાસના કામે સામેલ રાખેલ નથી, તથા એ વાતનો પણ સ્વીકાર કરેલ છે કે , કોલ ડીટેલના આધારે શું વાતચીત કરેલ તે કહી શકાય નહી આમ, આંક–૧૦૭ થી તપાસવામાં આવેલ સાહેદે તેઓના પુરાવામાં આરોપી કરશન અરજણભાઇ ભારવાડીયાએ અપ શબ્દો બોલેલ હોવાનુ જણાવેલ છે જયારે ત.ક.અ એ પોતાના પુરાવામાં આરોપી જયેશ સોલંકીએ તેમના મોબાઇલ નંબરથી સાહેદને ફોન કરેલ હોવાની હકીકત જણાઇ આવેલ હોવાનુ જણાવેલ છે આમ તપાસકરનાર અધીકારીનો તથા આંક–૧૦૭ થી તપાસવામાં આવેલ સાહેદનો પુરાવો ધ્યાને લેતા સદર સાહેદને ફોન કરવા બાબતે મહત્વનો વિરોધાભાષી પુરાવો રેકર્ડ પર આવેલ છે. તેમ છતા આરોપીએ સાહેદ દેવાભાઇ ને ફોન કરેલ હતો તેમ માની લેવામાં આવે તો પણ સાહેદ દેવાભાઇએ પોતાના પુરાવામાં આરોપીએ માત્ર અપશબ્દો બોલેલ હોવાનુ જણાવેલ છે. આરોપી એ ફોનથી ધમકી આપેલ હતી તેવો લેશમાત્ર પુરાવો આપેલ નથી. તેવા સંજોગોમાં ફરીયાદપક્ષ પડેલ પુરાવાથી ઉપર કરેલ ચર્ચા મુજબ આરોપીઓ સામે આક્ષેપીત આઇ.પી.સી.કલમ–૫૦૭ મુજબના ગુનાનું તહોમત પણ નિશંકપણે પુરવાર કરી શકેલ નથી તેવું આ કોર્ટનું નમ્રપણે માનવું છે.

**૧૪.** આ કામે ફરીયાદપક્ષે પડેલ સમગ્ર પુરાવો ધ્યાને લેતા એ હકીકત નિર્વીવાદ રેકર્ડ પર આવે છે કે અગાઉ પણ ફરીયાદી અને આરોપી વચ્ચે સામસામે કેસો થયેલા છે અને તે કેસો હાલ પેન્ડીંગ છે. આમ, ફરીયાદી અને આરોપી વચ્ચે જુની અદાવત ચાલી આવે છે. વધુમાં એ હકીકત પણ નિર્વીવાદપણે રેકર્ડ પર આવેલ છે કે, હાલના બનાવ વખતે રાત્રીનો સમય હતો તેમજ બનાવ વખતે બનાવવાળિ જગ્યાએ ખોદકામ થયેલ હતું તે દર્શાવતો કોઇ સંતોષકારક પુરાવો રેકર્ડ પર આવેલ નથી. તેમજ બનાવ વખતે ફરીયાદીને આરોપીએ વાંસાના ભાગે ઈજા કરેલ હતી તે હકીકત ફરીયાદપક્ષ શંકાથી પર પુરવાર કરી શકેલ નથી. તેમજ આરોપીઓએ ફરીયાદી તથા સાહેદને બનાવ વખતે ત્યારબાદ ફોન મારફત જેમ ફાવે તેમ ગાળો બોલી

જાનથી મારી નાખવાની ધમકી આપેલ હતી તેવુ પણ ફરીયાદપક્ષ શંકાથી પર પુરવાર કરી શકેલ નથી. આમ, કાયદામાં સ્થાપીત સીધ્ધાંત મુજબ ફરીયાદપક્ષે પોતાનો કેસ નિશંકપણે પુરવાર કરવાનો હોય છે. ફરીયાદપક્ષના કેસમાં કોઇ વાજબી શંકા ઉપસ્થીત થતી હોય તો તેનો લાભ આરોપીપક્ષે જાય છે. આ તબકકે નામદાર સુપ્રીમ કોર્ટ દવારા **Kali Ram vs State Of Himachal Pradesh** 1973 (0) AIJEL-SC 13703 24 September, 1973 માં પારા-૨૫ માં નીચે મુજબ ઠરાવેલ છે કે, It needs all the same to be re-emphasised that if a reasonable doubt arises regarding the guilt of the accused, the benefit of that cannot be withheld from the accused. હાલના કામે ઉપર કરેલ ચર્ચા મુજબ હાલના કામે ફરીયાદ પક્ષે પડેલ પુરાવાથી આરોપીઓ પર શંકા ઉદભવે છે પરંતુ શંકા કાનુનિ પુરાવાનું સ્થાન લઈ શકે નહી. ફરીયાદ પક્ષના કેસમાં રહેલ વ્યાજબી શંકાનો લાભ આરોપીની તરફેણમાં આપવાનો રહે છે. વધુમાં જો રેકર્ડ પરના પુરાવાથી એમ જણાય આવતું હોય કે આરોપીએ ગુનો કરેલ છે તથા બીજી બાજુ એમ જણાય આવતું હોય કે આરોપીઓએ કહેવાતો ગુનો કરેલ નથી અથવા કહેવાતો ગુનો આરોપીઓએ ન પણ કરેલ હોય તેવા સંજોગોમાં ફરીયાદ પક્ષે પોતાનો કેસ નિશંકપણે પુરવાર કરેલ છે તેવું માની શકાય નહી. વધુમાં, એવો સિધ્ધાંત પ્રસ્થાપિત થયેલ છે કે સો ગુનેગારો ભલે છટકી જાય પણ કોઇ નિર્દોષ માર્યો જવો જોઇએ નહી. આ સંદર્ભમાં નામ.સર્વોચ્ચ અદાલત દવારા **Kailash gor v/s State of Assam (A.I.R 2012 sc page no. 786 )** ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો દયાને લેતાં પારા- ૨૮ માં ઠરાવેલ છે કે, It is one of the fundamental principles of criminal jurisprudence that an accused is presumed to be innocent till he is proved to be guilty. It is equally well settled that suspicion howsoever strong can never take the place of proof. There is indeed a long distance between accused `may have committed the offence' and `must have committed the offence' which must be traversed by the prosecution by adducing reliable and cogent evidence. Presumption of innocence has been recognised as a human right which cannot be wished away. See Narendra Singh and Anr. v. State

of M.P.(2004) 10 SCC 699 and Ranjitsingh Brahmajeetsingh Sharma v. State of Mahsrashtra and Ors.(2005) 5 SCC 294.To the same effect is the decision of this Court in Ganesan v. Rama Raghuraman and Ors. (2011) 2 SCC 83 where this Court observed: "Every accused is presumed to be innocent unless his guilt is proved. The Presumption of innocence is human right. Subject to the statutory exceptions, the said principle forms the basis of criminal jurisprudence in India." આ કામે પણ ફરીયાદપક્ષે પડેલ પુરાવાની ઉપર કરેલ ચર્ચા મુજબ વ્યાજબી શંકાનો લાભ આરોપીને મળવા પાત્ર રહે છે.

**૧૫.** આમ, ઉપરોકત સમગ્ર ચર્ચાના આધારે આ કામના ફરીયાદીને અમરાપર ગામની સીમમાં પવનચકકી તથા તેના રસ્તા બનાવવાનું કામ પેટા કોન્ટ્રાકટથી રાખેલ હોય અને જે આ કામના આરોપીઓને સારૂ નહીં લાગતા આરોપી નં.૧ રામદેભાઇ જી.સી.બી. દવારા રોડ બંધ કરતા હોય જેથી ફરીયાદીએ રોડ બંધ નહી કરવાનું કહેતા આરોપી કરશનભાઇ એકદમ ઉશ્કેરાઇ જઇ ફરીયાદીને વાંસાના ભાગે લાકડાના ધોકા વડે એક ઘા મારેલ અને આરોપી નં.ર તથા ૩ નાએ જેમ ફાવે તેમ ગાળો બોલી કામ બંધ નહીં કરો તો જાનથી મારી નાખવાની ધમકી આપી ત્યારબાદ થોડા સમય પછી આ કામના આરોપી કરશનભાઇ તથા જયેશભાઇએ સાહેદ દેવાભાઇને ફોન કરી કહેલ કે પવનચકકીનું કામ બંધ કરી દે નહીંતર ફરીયાદીને જાનથી મારી નાખવાની ધમકી આપી ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરી મ્હે.ના હથીયારબંધી જાહેરનામાનો ભંગ કરી ગુનો કરેલ તેવુ શંકાથી પર પુરવાર થતું ન હોય તેવા સંજોગોમાં **મુદા નં.૧** નો જવાબ **નકારમાં** ઠરાવી મુદા નં.ર અન્વયે ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-: હુ ક મ :-**

(૧) આ કામના આરોપીઓ **(૧) રામદેભાઇ અરજણભાઇ ભારવાડીયા** ઉ.વ.૩૯, ધંધો-ખેતી, રહે. અમરાપર ગામ, તા.જામજોધપુર, જી.જામનગર **(૨) જયેશભાઇ ગોવિંદભાઇ સોલંકી** ઉ.વ.૩૪, ધંધો-ખેતી, રહે. ચૌટા ગામ, ગૌશાળાની બાજુમાં, તા. કુતીયાણા, જી.પોરબંદર **(૩) અરજણભાઇ દુદાભાઇ ભારવાડીયા** ઉ.વ.૬૮,

ધંધો–નિવૃત, રહે. અમરાપર ગામ, તા.જામજોધપુર, જી.જામનગર **(ચાલુ કામે મરણ જતા એબેટ) (૪) કરશનભાઈ અરજણભાઈ ભારવાડીયા** રહે. અમરાપર ગામ, તા.જામજોધપુર, જી.જામનગર નાઓને સી.આર.પી.સી. કલમ–૨૪૮(૧) અન્વયે ઈ.પી.કો. કલમ – ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૫૦૭, ૧૧૪ તેમજ જી.પી.એક્ટ કલમ–૧૩૫(૧) મુજબ ના શિક્ષાપાત્ર ગુનામાંથી વ્યાજબી શંકાનો લાભ આપી છોડી મૂકવામાં આવે છે.

(૨) સદર કામમાં કબજે કરેલ મુદ્દામાલનો જો કોઈ વચગાળાનો હુકમ કરવામાં આવેલ હોય તો કાયમ રાખવો અન્યથા અપીલ સમય વિત્યે યોગ્ય માલીકની ચકાસણી કરી પરત કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આ કામે પ્રત્યેક આરોપીએ સી. આર. પી. સી. ની કલમ– ૪૩૭ (એ) મુજબ અપીલ સમયસુધીના રૂા.૧૦૦૦૦/– (રૂપિયા દસ હજાર પુરા/–) ના જામીન તથા તેટલી જ રકમનો જાતમચુરકો રજૂ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) સદર ચુકાદો નામદાર ગુજરાત હાઈકોટના શરદ જેઠાલાલ સાવલાના ચુકાદામાં પ્રસ્થાપીત કરેલ સીધ્ધાંતો તેમજ સી.આર.પી.સી.કલમ– ૩૫૩ અન્વયે આરોપી નં.૨ ની ગેરહાજરીમાં જાહેર કરવામાં આવે છે.

(૫) સદર ચુકાદાની એક નકલ ફો.કે.નં.૩૧/૨૦૨૧ ના કામે સામેલ રાખવી અને તે મુજબ તે કેસના કામે પ્રોસીડીંગ કરવું.

હુકમ આજરોજ તા.૧૧, માહે મે સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ:– જામજોધપુર
તા. ૧૧–૦૫–૨૦૨૬

**(નરેશકુમાર રમેશભાઈ ગોહેલ)**
જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
જામજોધપુર
જજ કોડ : જીજે – ૧૫૮૪

ડી.એચ.ચુડાસમા
ગુજ.સ્ટેનો